R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

APRIL - 2018

Vol No. 62 Issue No.1

Total - 36 Pages

## સ્વ માટે ધ્યાન

જગતની પ્રત્યેક સંસ્કૃતિમાં અને સમાજમાં લોકોને કાર્ય કરવામાં અને જીવતા રહેવામમાં જે કૌશલ્યોની - આવડતોની જરૂર હોય છે તે અંગે શિક્ષિત કરવામાં આવે છે, જેમ કે કેવી રીતે વાત કરવી કેવી રીતે કામ કરવું અને બહારની દુનિયામાં પદાર્થો અને અનુભવોની તપાસ કરવી. જે વિશ્વમાં આપણે જીવીએ છીએ તેમે સમજવા માટે આપણે જીવવિજ્ઞાન, પરિસ્થિતિ વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનનો અભ્યાસ કરીએ છીએ. પણ કોઈપણ શાળામાં, કૉલેજમાં કે યુનિવર્સિટીમાં આપણને કોઈ આપણી અંદરના કદને સમજવા માટે કે તેનું ધ્યાન રાખવા કોઈ શીખવતું નથી. આપણી જાતને સાચી રીતે સમજયા વિના આપણે માત્ર આપણા સમાજનાં લક્ષ્યો, ફેશન અને મૂલ્યોને એકઠાં કરવાનું શીખીએ છીએ. આને કારણે બીજાઓની સલાહ અને સૂચનો પર આધાર રાખતા થઈ જઈએ છીએ અને આપણે પોતે આપણી જાતથી અલગ રહીએ છીએ.

ધ્યાન એક જુદા જ પ્રકારનો નાજુક અને નિશ્ચિત અભિગમ છે. એ એક એવી પ્રક્રિયા છે જે આપણને આપણા શરીર, શ્વાસની પ્રક્રિયા, તનાવનાં પાસાં વગેરેને જુદાં જુદાં સ્તરે સમજવા માટેની તાલીમ આપે છે. જેમ જેમ સમય પ્રગતિ કરશે તેમ તેમ તમને માલૂમ પડશે કે તમને ધ્યાનમાં હકારાત્મક પરિણામો જેવાં કે વધતો જતો આનંદ, તેની સ્પષ્ટતા અને જાણકારી વગેરેની મઝા આવશે. એ જ રીતે તનાવના શારીરિક, જ્ઞાનતંતુ વિષયક અને માનસિક લક્ષણોમાં રાહતથી આનંદ અનુભવશો. ધ્યાન ચોક્કસપણે તમને તમારી પોતાની જાતને - તમારા સ્વ ને સ્થિર કરવામાં મદદરૂપ બનશે.

**- સંકલન**

# SHREE BALASINOR NAVYUVAK SANGH
## NOTICE OF 67TH ANNUAL GENERAL MEETING

Date : 21/4/2018

To,
All Members,

Notice is here by given that 67th Annual General Meeting of Shree Balasinor Navyuvak Sangh will be held under the presidentship of Shri Saumil Jitendra Mody on Sunday 24th June, 2018 at 5.00 P.M at Shri Mohanlal Sankerlal Shah (Zat) Sabhagruh BNS Office to transact following Businesses on the agenda.

## AGENDA FOR THE MEETING

1. **To read, confirm and approve the minutes of the 66th Annual General Meeting held on 28th May 2017.**
2. **To receive, consider and adopt the managing committee report for the year 2017-2018.**
3. **To receive, consider and adopt the audited Accounts of the Sangh for the year ended 31st March 2018..**
4. **To appoint the Auditor for the year 2018 - 2019 and fix his remuneration.**
5. **To distribute the education prizes under the scheme named Smt Shantaben Shantilal Shah (Choksi) Annual Educational Prize Distribution Scheme.**
6. **To Distribute the prizes of Shree Balasinor Navyuvak Sangh & Shri Daxeshbhai / Shri Minishbhai Kadakia Indoor Sports Activity.**
7. **Any other matter from the desk of President.**
8. **President Address.**

**NOTES**

1) If the meeting is adjourned for want of Quorum the same will be held on the same day at the same place after half an hour of the appointed time and the adjourned meeting will transact the business on the agenda, irrespective of whether there is Quorum or not.
2) All Members are requested to be present for the meeting on time.

**Hon Secretary- Bhavesh Bipin Modi (Thasrawala)**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૨ | ૧ | ૨૧-૦૪-૨૦૧૮ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

# શક્તિનું શિવ સાથેનું મિલન એટલે 'યોગ'

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

યોગ એટલે શું ? ભારતીય યોગ વિદ્યા અતિ પ્રાચિન વિદ્યા છે. ભારતીય ઋષિમુનુઓએ યમ-નિયમના પાલન અને તપ દ્વારા આત્મસાત કરી માનવ જાતિના ક્લ્યામ અર્થે પ્રજા સમક્ષ રજુ કરી છે, તેમના અનુભવનો એમાં સાર છે. ખાસ કરીને ગૃહસ્થીઓ માટે એમાં માર્ગદર્શન આપેલું છે. આ વિદ્યાની ગોપનિયતા જાળવવા સૂત્રો અને શ્લોકોના રૂપમાં રજુ કરી છે. આ વિદ્યા પરંપરાગત પ્રાપ્ત વિદ્યા છે. તેથી જ કહેવામાં આવ્યું છે કે અનુભવી ગુરૂ અથવા અનુભવી યોગસાધકની સમીપમાં રહી યોગસાધના અથવા યોગાસનનો અભ્યાસ કરવો જોઈએ. આ એક અતિ કઠિન માર્ગ પણ છે. જેમા વારંવાર માર્ગદર્શનની જરૂર પડે છે. અનુભવી માર્ગદર્શન વિના યોગાભ્યાસ કરવામાં આવે તો નીચેના ચાર પરિણામ આવવાની શક્યતાઓ રહેતી છે.

(૧) રોગી (૨) ભોગી (૩) ગાંડપણ (૪) મૃત્યુ

જો અનુભવી ગુરૂ અથવા અનુભવી સાધકની સમીપમાં રહી યોગાભ્યાસ કરવામાં આવે તો પરમાત્માની અનુભુતિ, પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે છે.

યોગનો સામાન્ય અર્થ છે જોડાવું, મિલન, એકતા, જીવનું શિવ સાથે મિલન અથવા આત્માનું પરમાત્મા સાથેનું ઐક્ય. પરમાત્મા સાથે એક થવા માટે કઈ સ્થિતીની આવશક્યતા છે તે પાંતજલ યોગસૂત્રમાં દર્શાવી છે.

**યોગશ્ચિતવૃત્તિ નિરોધ :** અર્થાત ચિતની વૃત્તિઓનો નિરોધ કરીને (રોકીને) સ્વસ્વરૂપમાં પ્રતિષ્ઠિત થવું તેને યોગ કહેવાય, મન અને ચિત્ત બન્ને શાંત થઈ જાય તેવી અવસ્થાનું નામ યોગ છે.

ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણ કહે છે योगः कर्मसु कौशलम् । 'કર્મ બંધન ન કરે' એવા પ્રકારના કર્મના પ્રતિ, ઉદાસીન ભાવને ધારણ કરી મુક્તાવસ્થાને પ્રાપ્ત કરવાના ઉપાયને યોગ કહે છે. કર્મની કુશળતા એજ યોગ છે. જેમાં કર્મ કરતા હોવા છતાં કર્મના ભાવથી લિપ્ત થતો નથી. અને કર્મથી મુક્ત રહે છે. જ્યાં કર્મના બદલાની અપેક્ષા જ રહેતી નથી એવી મુક્તાવસ્થા જ પરમાત્માને પ્રાપ્ત કરવાની સ્થિતી છે.

समत्वं योग उच्चते ! સુખ-દુઃખ, પાપ-પુણ્ય, શત્રુ-મિત્ર, શિતાષણ આદિ દ્વન્દોથી અલીપ્ત બનીને સમત્વ પ્રાપ્ત કરવું તેને પણ યોગ કહેવાય છે.

પરમાત્માને પ્રાપ્ત કરવાના વિવિધ ઉપાયો છે. જેમાં ત્રણ મુખ્ય છે.

(૧) જ્ઞાન યોગ (૨) ભક્તિ યોગ (૩) ક્રિયાયોગ

ક્રિયાયોગ અષ્ટાંગયોગની અંતરગત આવે છે. અષ્ટાંગ યોગમાં આઠ અંગો છે, આઠ પગથીયાં છે. ક્રમિક ચઢવાથી અંતિમ પગથીયા સુધી એટલે કે પરમાત્માની પ્રાપ્તિ સુધી પહોંચી શકાય છે. આઠ અંગો નિચે મુજબ છે.

(૧) યમ (૨) નિયમ (૩) આસન (૪) પ્રાણાયમ (૫) પ્રત્યાહાર (૬) ધારણા (૭) ધ્યાન (૮) સમાધિ

અષ્ટાંગયોગના બે ભાગ છે.

(૧) બહિરંગ (૨) અંતરંગ

(૧) હઠયોગ (૨) રાજયોગ

આષ્ટાંગ યોગના પ્રથમ પાંચ અંગો બાહ્ય ક્રિયાઓ જોડે સંકળાયેલા હોવાથી હઠયોગ કહેવાય છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય દેહશુદ્ધિ છે. બાકીના ત્રણ અંગો અંતઃકરણ સાથે સંકળાયેલા હોઈ રાજયોગ કહેવાય છે. રાજયોગનો મુખ્ય ઉદ્દેશ મનને શુદ્ધ, દ્રઢ અને સ્થિર કરવું.

હઠયોગમાં શરીર મુખ્ય અને મન ગૌણ છે જ્યારે રાજયોગમાં મન મુખ્ય અને શરીર ગૌણ છે.

અહિંયા આપણે શરીર શુદ્ધિ, શારીરિક દ્રઢતા, શારીરિક સ્થિરતા અને શારીરિક નિરોગીતાને લક્ષમાં રાખી હઠયોગની ચર્ચા કરીશું.

'હઠયોગ વિના રાજયોગન નથી, અને રાજયોગ માટે હઠયોગ છે.' હઠયોગ એટલે હઠિયાપણું નથી કે કાંટા કે ખીલાની પથારી પર સુવું. જળામાં એક પગ પર ઉભા રહેવું કે ચારે તરફ અગ્નિ પ્રજવલીત કરી મધ્યમાં સૂર્યના તડકામાં બેસવું એ હઠયોગ નથી. સામાન્ય જન સમુદાય આવું આવું સાંભળીને ગભરાઈ જાય છે. પરંતુ આવી ક્રિયાઓ સાધુ-સન્યાસી પૂર્વકાળે કરતા હતા પરંતુ આધુનિક યુગમાં પૂર્ણ પરીવર્તન સાથે જનસમુદાયમાં સમજ આવી જતાં દરેક માનવા લાગ્યા કે યોગ વિદ્યા માટે દરેક માટે છે.

હઠયોગ શબ્દમાં હ + ઠ + યોગ એમ વિભાગ થાય છે. હ થી હકાર અને ઠ થી ઠકાર. હકાર થી સૂર્ય અને ઠકાર થી ચંદ્ર આ બન્નેનું જોડાણ એ જ યોગ છે. સૂર્યનાડી અને ચંદ્રનાડીની સહાયતાથી જ શ્વાસોશ્વાસ ની ક્રિયા થાય છે તેના દ્વારા શારીરિક અને માનસિક શક્તિનો વિકાસ કરી જીવનને આદર્શ બનાવવાની વિદ્યાને હઠયોગ વિદ્યા કહે છે. ❖❖❖


શ્રી પંકજ શાંતિલાલ પરીખ (જુનાગઢવાળા)ના જે જે શ્રી ગોકુલેશ

# ઋતુઓ સાથે લવ અફેર

**- શૈલેષ દેસાઈ**

રોગને આમંત્રણ આપવા માટેના ત્રણ સચોટ ઉપાયો આ રહ્યાં - ગમે તે ખાવું, ગમે ત્યારે ખાવુ અને ગમે તેટલું ખાવી. આ ત્રણેના સાર ફિલ્મી પંક્તિમાં આવી જાય. રાત કો ખાવો-પિયો, દિનકો આરામ કરો. ભગવત ગીતા તરફથી આપણને એક સુંદર શબ્દ પ્રયોગ છે. 'યુક્તા વિકાર' લાંબુ જીવવાનું અને વળી ખાટલાવશ થયા વગર જીવવાનું મન કોને ન થાય? ઉપનિષદમાં ઋષિએ કહ્યું છે : કર્મ કરતા રહીને સો વર્ષ જીવવાની ઈચ્છા રાખવી. ખાટલે પડે અને યોગ્ય આકાર-વિકાર જાળવીને જીવવું પડે.

માણસ પ્રકૃતીની ગોદમાં રમવા માટે અને ભમવા માટે સર્જાયેલો છે. આઠ આઠ કલાકની નોકરી કરવા એનું સર્જન નથી થયું એ ઋતુમિત્ર થવા સર્જાયો છે. રોગ મિત્ર નહી. દાકતરી વિદ્યામાં ઋતુઓની છ છ દેવકન્યા બે મહીના મળીને આકાશ ભણી રવાના થાય છે. એ કન્યાઓના આ છે - વર્ષા, શરદ, હેમંત, શિશિર, વસંત અને ગ્રીષ્મ. એ વંદનશિલ માણસને આ છ ઋતુ સાથે લવ અફેલ હોય છે.

આજકાલ હું વર્ષા ઋતુના પ્રેમમાં છું. આસપાસ બધે લીલુછમ સામ્રાજ્ય જોવા મળે છે. હવામાં ભીનાનો ભાર હોય છે. આકાશમાં અને મનમાં મેઘધનુષ રચાય છે. શ્રાવણની જલધારા હૃદયની કયારીને ભીંજવતી રહે છે.

શરદપરીનું હૃદય એટલું સ્વચ્છ હોય છે કે એના પાલવમાંથી શીતળ ચાંદની ધરતી પર ઢોળાતી હોય છે. ચાંદનીના ત્રણ આશીકો જાણી છે તે છે કવિ, પ્રેમી અને પાગલ. નદીના જળ નીતર્યા બને છે અને સમ શીતોલય આબોહવા મનને પણ સમત્વની દીક્ષા આપનારી બની રહે છે. આ ઋતુમાં પિત્તથી બચવાનું હોય છે. હૃદય સ્વસ્છ અને નિખાલશ બને તે માટે હળવી મનામણ કરવાની આ ઋતુ છે. પૂનમના ચંન્દ્રની સંગાથે નૌકાવિહાર નિકળવાનું એટલે શરદઋતુ માણસને આર્શિવાદ આપતી વકતે કહેવાયું છે. શાંત જીવ શરદ : શરદપૂર્ણિમા એટલે તાણથી તપેલું મન શીતળતાનો ચંદનકોપ થાય તે માટે સર્જાયેલો તહેવાર છે. ખેતરનું સૌંદર્ય શરદઋતુમાં ખીલે છે. વનરાજ અને મનરાજની માનીતી ઋતુ એટલે શરદ.

ઘરની બારી જરા ખુલી રહી જાય તો ઘરમાં ઠંડી ઘુસી જાય ત્યારે જાણવું કે પંચનો આણ સ્થપાઈ જાય છે. સવારનો તડકો પ્રિયતન જેવો વહાલો અને હુંફાળો લાગવા માંડે છે. બજારમાં લીલાછમ શાકભાજીના ટોપાલાઓ ઊભરાવવા લાગે છે. પથારી છોડવાનું મન નથી થતી. બેઠાડુ જીવન જીવવાવાળાઓને કકડીને ભૂખ લાગે છે. ડૉક્ટરને ત્યાં લાઈનો ઘટી જાય છે. વસાણી ખવાય છે. જે કંઈ ખવાય તે પચી જાય છે. મળસકે ચાલતા (Morning Walk) વાળાઓની સંખ્યા વધી જાય છે. ચાહનો નાનો કપ ઓછો પડે છે. હેમંતની વિદાય અને વસંતના આગમન સાથે તેની તૈયારીઓ થવા માંડે છે. ઠંડી હોય છે

પણ આક્રમક હોતી નથી. ઘરમાં ભરાઈ રહેવાનું મન થતુ નથી. બહાર જવાનું બારી બારણા ખૂલવા માંડે છે. તડકો ગમે છે. પણ બહુ તેજ તડકો નહીં. આંબા પર મંજરી દેખાવા માંડે છે. શિયાળા અને ઉનાળા વચ્ચે તકરાર થાય છે. શિયાળાને કહે છે ઉનાળો હજી નાદાન છે. તે ઉનાળાને નડે છે. તે મોટાનું સામાન્ય રાખતા શીખ સમન્વય એટલે શું તે શિશર પાસે શીખ લે છે.

વસંતને ઋતુ રાજ કહે છે. સાત સમંદર પાર કરીને ટહુકાઓ સાથે આકાશમાંથી ઉતરે છે. પ્રત્યેક કાળી-ડાળખી આકાશમાંથી આળસ મરડીને બેઠી થાય છે. શુષ્ક જણાતો કેસૂડો રાતો રાત રંગીલો બની જાય છે. વસંતનો સ્થાઈ સ્વભાવ શૃંગાર છે. ઋતુ એ માણસના મનને અસર પ્રમાળે છે. જેનું મન વસંત ઋતુની અસર ન જાણે તે વ્યક્તિના જીવનસાથીની દયા ખાવી રહી. જેનું મન વસંત ઋતુમાં ખટમીઠી ઝંખના જાગે ત્યારે સમજવું કે વસંત બેઠી છે. વસંત છલકે અને હૈયુ મલકે. પ્રિયજનોને વિયોગ વસંતમાં અસહ્ય બની જાય છે. ત્યારે ઘરના બારી બારણા પણ અથડાવવા લાગે છે.

ગ્રીષ્મપરી સ્વભાવે આકરી. તડકો ખલનાયક જેવો લાગે છે. સવારે અત્યંત પ્રસન્ન લાગે છે. પંખીઓ કલરવ ગ્રીષ્મમાં અતિ મધુર લાગે છે. બપોરનો ઉકળાટ જીવન પ્રત્યે વૈરાગ્યભાવ આપનારો હોય છે. સડક એવી તો તપે છે કે તેના ક્રોધને કારણ ડામર પણ પીગળી જાય છે. વર્ષાપરી આવવાની છે એવા વાવડ મળે પછી અભિવાદનની તૈયારીઓ જોવા માંડે. હવામાં રહેલો ભેજ શરીરના રૂવે હથેળી ફુટી નીકળે. મમરા કે પાપડ હવાઈ જાય છે. ત્યારે જાણવું કે ગ્રીષ્મની આંગળી પકડીને વર્ષાપરી આવી પહોંચવાની તૈયારીમાં છે. આકાશમાં વાદળાઓની દોડદોડ વધી જાય છે. વાદળો પાણી ભરવા દોડવા લાગે છે. ધીરે ધીરે ઘનશ્યાન બનીને આ વાદળો આવે છે ત્યારે ગ્રીષ્મ ઋતુ વિદાય લે છે. જતી વખતે વર્ષાઋતુનું ગાઢ આલિંગન કરતી જાય છે. આવા આલિંગનને મહાકાવે કાલીદાસે ‘મેઘદૂત’ જેવા કાવ્યને અમર બનાવી દીધું. ✤✤✤

# બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# શ્રીમતી મનોરમાબેન હસમુખભાઈ ધારિયા (સુરતવાલા) આયોજીત
# સુવર્ણ ક્રિકેટ વર્ષ ૨૦૧૭-૨૦૧૮

"It was good and amazing to watch....It is an fabulcus idea.... beautiful, We are proud to see such event...Beyond imagination....Excellent team work....I am Lucky to be eye witness.... Extra ordinary effort....It's Four, It's Six, Catch it, Howz....that.... આવા અનેક વિશેષણો તા. ૨૨,૨૩,૨૪,૨૫ ફેબ્રુઆરી ૨૦૧૮ના નવયુવક સંઘ સંચાલિત ઐતિહાસિક ડે-નાઈટ ક્રિકેટ મેચ દરમિયાન સાંભળવા મળ્યા. સ્પોટર્સ અને સોશ્યલ કનેક્ટિંગ એક્ટિવીટીનો ગજબનો કન્સેપ્ટ બાલાસિનોર ખાતે બીએનએસ ટીમ, કોલેજ ટીમ, બાલીટીમ અને સર્વોદય ક્રિકેટ કલબ ટીમો સાથે મળીને ડે-નાઈટ ટુર્નામેન્ટ રમી એ કન્સેપ્ટ જ અદભૂત છે. સતત ચાર દિવસ ડે-નાઈટ રમાતી આઠ મેચો અને જે ઝીણવટથી આખી ઈવેન્ટ પ્લાન કરવામાં આવી હતી એ ખરેખર બેસ્ટ કહી શકાય. સમાજના યુથની પ્રતિભા ખીલવવાનું અને વતન બાલાસિનોરને વૈશ્વિક ફલક પર આપણી કમ્યુનીટી સાથે ક્નેક્ટ કરવાની આ પ્રવૃત્તિ ખરેખર યુનિક છે. આ રીતે થતી ટુર્નામેન્ટોના લીધે જ પ્લેર્યસને પ્રોફેશનલ ટુર્નામેન્ટમા ંરમવાનું એક્સપોઝર મળે છે. ક્રિકેટ અને એમાં પણ ડે-નાઈટ ક્રિકેટ 'હોટ ફેવરીટ' ગેમ છે. આવી ડે-નાઈટ ટુર્નામેન્ટ યોજવાના નવયુવક સંઘના ભગીરથ પ્રયાસને હું આવકારું છું. આ ટુર્નામેન્ટ જોવાનો અને એના વિશે અહેવાલ લખવા મને મોકો મળ્યો એનો મને ગર્વ અને એટલો જ આનંદ છે. બાલાસિનોર નવયુવક સંઘને ૫૦ વર્ષ પૂરા થયા ત્યારે નવયુવક સંઘના કાર્યકર્તાઓમાં આ વર્ષે કશુંક નવું કરવું છે એ વિચાર તો સ્પષ્ટ જ હતો. એમાં પણ બાલાસિનોર ખાતે ડે-નાઈટ મેચ યોજવાનું સપનું નવયુવક સંઘના કાર્યકર્તા શ્રી જીગર મણીકાન્ત કડકીયાના હૃદયની ખૂબ જ નજીક હતું. ને એમાં નવયુવક સંઘનો સાથ મળ્યો ને પછી ઈતિહાસ સર્જાયો. સંખ્યાબંધ મીટીંગો થઈ. નવા વિચારો, કન્સેપ્ટની આપ-લે થઈને કમીટી રચાઈ. કમીટીના ચેરમેન શ્રી કાર્તિકભાઈ કડકીયા, કોર્ડિનેટર શ્રી જીગરભાઈ કડકીયા, એડવાઈઝર શ્રી અલ્પેશભાઈ ધારિયા, કન્વીન્ર કમ મેનેજર શ્રી સંજીવભાઈ ધારિયા, પ્રમુખ શ્રી સૌમિલભાઈ મોદી, મંત્રી શ્રી ભાવેશભાઈ મોદી, ઉપપ્રમુખ શ્રી સમીરભાઈ ગાંધી, ખજાનચી શ્રી જતીનભાઈ કોટીયા, ભૂ.પૂ. ઓફિસર શ્રી કલ્પેશભાઈ ધારિયા સૌ મળીને બાલાસિનોર નવયુવક સંઘ કમીટી અને ક્રિકેટ પેટા કમીટી રચાઈ. કોર્ડિનેટર જીગરભાઈ કડકીયાએ બાલાસિનોર ખાતે આયોજનની સમસ્ત જવાબદારી પોતાના શીરે ઉપાડી લીધી. ૭ થી ૮ વાર બાલાસિનોર જઈ ગ્રાઉન્ડની વ્યવસ્થા કરવા બાલાસિનોરના આપણા ભાઈઓ સાથે ઈવેન્ટની ચર્ચાવિચારણા કરી. સૌ પ્રથમ તો ડે એન્ડ નાઈટ મેચ યોજવા માટે જંગી ભંડોળની જરૂર હતી. જીગરભાઈ અને નવયુવક સંઘના સનિષ્ઠ પ્રયાસોને લીધે M/s. N.M.Dharia & Co. આ સ્પર્ધાની Sponesers બની. અને Co-Sponesers બન્યા માનનીય શ્રી મણીકાંત છોટાલાલ કડકીયા. હવે વારો હતો ગ્રાઉન્ડને સમથળ કરવાનો. ગ્રાઉન્ડને ખૂબ જ માવજત પૂર્વક સમથળ બનાવવા માટે શ્રી રાજુભાઈ વણઝારાની મહેનત સરાહનીય છે. સમગ્ર ઈવેન્ટનો ખર્ચો ૬ થી ૭ લાખ રૂપિયા જેટલો અંદાજીત ગણવામાં આવ્યો હતો. આમાં આપણા બાલાસિનોર ખાતેના હમવતન ભાઈઓએ પણ પોતાનો ફાળો નોંધાવી આ ઈવેન્ટને

સફળ બનાવી. તેમના નામ નીચે મુજબ છે.

**રૂા. ૧,૨૫,૦૦૦/- નું યોગદાન તેમના તરફથી મળેલ છે.**

૧. રૂા. ૨૧,૦૦૦/- ડૉ. આસિત પટેલ
૨. રૂા. ૧૧,૦૦૦/- શ્રી પ્રફુલભાઈ ઓચ્છવલાલ શેઠ
૩. રૂા. ૧૧,૦૦૦/- શ્રી રાજેશભાઈ પાઠક (પપ્પુભાઈ)
૪. રૂા. ૧૧,૦૦૦/- શ્રી તેજસભાઈ શાહ
૫. રૂા. ૧૧,૦૦૦/- શ્રી મયુરભાઈ કનુભાઈ પટેલ
૬. રૂા. ૧૧,૦૦૦/- શ્રી સંજયભાઈ એસ. ભટ્ટ
૭. રૂા. ૧૧,૦૦૦/- શ્રી સુભાષભાઈ-રોહિતભાઈ પટેલ
૮. રૂા. ૧૧,૦૦૦/- શ્રી અવિનાશભાઈ-બકુલભાઈ પટેલ
૯. રૂા. ૧૧,૦૦૦/- શ્રી નિલેશભાઈ બી. પટેલ
૧૦. રૂા. ૫,૦૦૦/- શ્રી મયંકભાઈ ચોકસી (ટીનુભાઈ)
૧૧. રૂા. ૫,૦૦૦/- શ્રી શશીકાંતભાઈ મોદી
૧૨. રૂા. ૫,૦૦૦/- શ્રી કૌશિકભાઈ ચોકસી
૧૩. રૂા. ૫,૦૦૦/- શ્રી કમલેશભાઈ પટેલ
૧૪. રૂા. ૨,૫૦૦/- શ્રી મનીષભાઈ શાહ

નવયુવકસંઘના સનિષ્ઠ પ્રયાસ અને કાર્યકર્તાઓની મહેનત રંગ લાવી અને આખરે એ દિવસ આવી પહોંચ્યો. એક તરફ ગામમાં ફાગોત્સવનો ધાર્મિક માહોલ હતો અને બીજી તરફ ગ્રાઉન્ડમાં ડે-નાઈટ ક્રિકેટનો રોમાંચ હતો. તા. ૨૨ ફેબ્રુઆરીના રોજ બપોરે ૨ વાગે ડી.જે.ના તાલે નાચગાન સાથે વાજતે ગાજતે જ્યારે ચારેય ટીમો ગ્રાઉન્ડ પર પહોંચી ત્યારે તેમનું સ્વાગત કરવા ૨૫૦ થી વધુ ગ્રામવાસીઓ પહેલેથી જ ઉપસ્થિત હતા. ચારે તરફ ઉત્સાહ અને રોમાંચ હતો. ચારેય ટીમોના કેપ્ટનો નીચે મુજબ હતા.

૧. નિરવ દેસાઈ - બી.એન.એસ.ટીમ
૨. સલીમભાઈ - બાબી ટીમ
૩. સુજીતભાઈ પટેલ - સર્વોદય ટીમ
૪. સંતોષ શિંદે - કૉલેજ ટીમ

સમગ્ર ગ્રાઉન્ડ ખરેખર મુંબઈના વાનખેડે સ્ટેડિયમ જેવી આભા દર્શાવતું હતું અને ઓપનિંગ સેરેમની ની શરૂઆત થઈ. ઓપનીંગ સેરેમનીના મુખ્ય મહેમાન શ્રી રાજેશભાઈ પાઠક (પપ્પુભાઈ) હતા. શ્રી રાજેશભાઈએ સંઘની પ્રવૃત્તિને બીરદાવી અને બાલાસિનોર ખાતે સંપૂર્ણ સહકારની ખાત્રી આપી. આ સેરેમની દરમિયાન બાલાસિનોરના નવાબ શ્રી સલમાનખાન બાબીના માન માં ૨ મિનિટ મૌન પાળવામાં આવ્યું. ઉપસ્થિત સૌએ શ્રધ્ધાંજલી અર્પિત કરી. સર્વોદય ટીમ અને બાબી ટીમે બી.એન.એસ. ક્રિકેટ ટીમને ૫૦ વર્ષ નિમિત્તે ચાંદીના સિક્કા આપી બહુમાન કર્યું. છેલ્લા ૨૫ વર્ષથી શ્રી સલાઉદ્દીનખાનની બાબી ટીમ અને ડૉ. અસિત પટેલની ટીમે બી.એન.એસ. ક્રિકેટ ટીમને સાથ સહકાર આપતી રહી છે. ને આજીવન સહકાર આપવાનું વચન આપ્યું.

ને જેની આતુરતા પૂર્વક રાહ જોવાઈ રહી હતી તે ટોસ ઉછાળવામાં આવ્યો. શ્રી નિરવ દેસાઈ બી.એન.એસ. ટીમ અને શ્રી સંતોષ શિંદે કોલેજ ટીમએ ટોસ ઉછાળી સ્પર્ધાના શ્રી ગણેશ કર્યા. એક પછી એક ઓવરો નખાતી ગઈ. સાંજ પડતા જ સૂર્ય આથમ્યો ને ફલડ લાઈટની રોશનીથી આખુ સ્ટેડિયમ ઝળહળી ઉઠયું. એલઈડી સ્ક્રીન પર સમગ્ર ટુર્નામેન્ટનું લાઈવ ટેલિકાસ્ટ દેખાઈ રહ્યું હતું. સમગ્ર ગુજરાતમાં ફલડલાઈટનું આયોજન શાનદાર કાું. કરે છે. શ્રી જીગરભાઈ કડકીયાએ પેટલાદ જઈ તેમની જોડે ફલડલાઈટ લગાડવાનું આયોજન કર્યું હતું. ટુર્નામેન્ટનું લાઈવ ટેલિકાસ્ટ ડ્રોન કેમેરા દ્વારા કરવામાં આવેલ. એલઈડી સ્ક્રીન અને ડ્રોન કેમેરા દ્વારા ટેલિકાસ્ટની માવજત માટે શ્રી જયેશભાઈની મહેનત કાબિલે તારીફ હતી. કોઈપણ ઈન્ટરનેશનલ કક્ષાની IPL Match જ્યાં રમાતી હોય એ પ્રકારનું વાતવરણ હતું. ફોર એન્ડ સીક્ષ લાગે કે વિકેટ પડે ડી.જે. મ્યુઝિકના તાલે ખેલાડીઓને વધાવવામાં આવતા હતા. સમગ્ર મેચો દરમિયાન પ્રેક્ષકો અને કોમેન્ટેટરો માટે ગ્રાઉન્ડમાં શામિયાણા બાંધવામાં આવ્યા હતા. કોમેન્ટેટરો દ્વારા સમગ્ર મેચોની સુંદર કોમેન્ટ્રીની રજુઆત થઈ હતી. ચારેય દિવસ ખૂબ જ રસાકસી ભરી રોમાંચક મેચો રમાઈ. ખેલાડીઓ માટે બાગમાં જમવાની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી. રમાયેલ આઠ મુકાબલાઓમાંથી પાંચ મેચ જીતી બીએનએસ ટીમે પોતાના વિજય રથ જાળવી રાખ્યો હતો. એલઈડી લાઈટની બાઉન્ડ્રી, એલઈડી સ્ક્રીન, ફલડલાઈટમાં રમાયેલ મેચોના વિજયને બી.એન.એસ. ટીમના સમર્થકોએ ઉત્સાહપૂર્વક વધાવી લીધી હતી. હારેલી અને જીતેલી દરેક ટીમોને ટ્રોફી આપવામાં આવી

હતી. સંઘના હોદ્દેદારો અને સ્પોન્સર્સ, કો.સ્પોન્સર્સના હસ્તે ઈનામોનું વિતરણ કરવામાં આવેલ હતું. તા. ૨૫ ફેબ્રુઆરીની મધરાતે જ્યારે ડી.જે.ના તાલે વિજય સરઘસ નીકળ્યું ત્યારે હારેલી અને જીતેલી ટીમના ખેલાડીઓ, સમર્થકો, કાર્યકર્તાઓનો ઉત્સાહ સમાતો નહોતો. સૌ કોઈ રાત્રે બે વાગ્યા સુધી ડી.જે.ના તાલે નાચ્યા હતા. ખૂબ આતશબાજી ફોડી આકાશ રંગીન કરી નાખ્યું હતું. સૌ કોઈએ ઈવેન્ટની સફળતાનો જલસો માણ્યો હતો.

આ ઈવેન્ટ સાકાર કરવામાં બાલાસિનોર ખાતે શ્રી મયુરભાઈ પટેલે સળંગ ૨૧ દિવસ સુધી ગ્રાઉન્ડ પર હાજર રહી દેખરેખ રાખી ગ્રાઉન્ડને રમવા લાયક કર્યું હતું. તેમની જેટલી સરાહના કરીએ એટલી ઓછી છે.

ઈવેન્ટના સ્પોન્સર્સ M/s. N.M.Dharai & Co. રૂા. ૨,૫૦,૦૦૦/- અને માનનીય શ્રી મણિકાંત છોટાલાલ કડકીયા તરફથી રૂા. ૧,૨૫,૦૦૦/- નું યોગદાન કેમ ભૂલાય? ખરેખર એક અદ્‌ભૂત અવિસ્મરણિય અને નવતર પ્રયોગ કે જેના સ્મરણો વર્ષો સુધી નહી વિસરાય.

મુંબઈ આવીને જીગરભાઈને મળવાનું થયું. ને તેમને ઈવેન્ટની સફળતા માટે અભિનંદન આપ્યા ત્યારે જીગરભાઈએ તેમની લાગણી વ્યક્ત કરતા કહ્યું કે આ ઈવેન્ટને મળેલી સફળતા બદલ સંઘના સર્વ હોદ્દેદારો, કાર્યકર્તાઓ, સ્પોન્સર્સ, સર્વ ખેલાડીઓ અને ડે-નાઈટ મેચ જોવા આવનાર દર્શકોનો હું અંતરથી આભાર માનું છું. આ ભગીરથ કાર્ય હાથમાં લીધું ત્યારે ખ્યાલ હતો કે એ સહેલું નહી હોય પણ એ સુંદર રીતે સંપન્ન થયું એની હાશમાં જાણે બધો થાક ઉતરી ગયો. નવયુવક સંઘ, બાલાસિનોર ખાતેના સાથીઓ અને સૌ કોઈ કાર્યકર્તાઓના કમિટમેન્ટ વગર આ શક્ય નહોતું. જીગરભાઈનું વતન સાથે ગજબનું ઋણાનુંબંધ તેમના શબ્દો દર્શાવી જાય છે.

નવયુવક સંઘને આવી અનોખી ટુર્નામેન્ટ યોજવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. આ પ્રકારની ઈવેન્ટને લીધે ખરેખર સમાજનું નામ રોશન થાય છે ને યુથની પણ પ્રગતિ થાય છે. **જય જય શ્રી ગોકુલેશ**

**દેવાંગ રાજેન્દ્ર મોદી (પેપરવાળા)**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
# શ્રીમતી શાંતાબેન શાંતીલાલ શાહ (ચોક્સી) પુરસ્કૃત
# વાર્ષિક પારિતોષિક યોજના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી વિવિધ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરિક્ષાઓમાં વર્ષ ૨૦૧૭-૨૦૧૮માં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ તથા બહેનોને પારિતોષિકો આપવાના છે.

જેમાં K.G. ધોરણ ૧ થી ૯, S.S.C., H.S.C., B.Com, B.Sc, BDC, CA, LLB, MBA, MBBS વગેરે પરીક્ષાઓનો સમાવેશ થાય છે.

તો દરેક પરિક્ષામાં સારા માર્ક સાથે ઉત્તીર્ણથનાર વિદ્યાર્થી ભાઈ બહેનોએ પોતાની માર્કશીટ (ઝેરોક્ષકોપી) પાછળ પુરું નામ, સરનામું તથા ફોન નંબર સાથે લખીને ૫-૬-૧૮ સુધીમાં સંસ્થાની ઓફીસમાં આપી જવા વિનંતી.

ઈનામનું વિતરણ સંસ્થાના વાર્ષિક સામાન્ય સભાને દિવસે કરવામાં આવશે.

**મંત્રીઃ ભાવેશ બીપીન મોદી** **સંયોજક : દીપક નવનીતલાલ શાહ**

## હોસ્પિટલ સહાય યોજના – સ્વાસ્થ્ય યોજના

| | |
|---|---|
| – શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી | – સ્વાસ્થ્ય યોજના |
| – શ્રીમતી તારાબેન કીર્તનલાલ લલ્લુભાઈ દેસાઈ | – હોસ્પીટલ સહાય યોજના |
| – શ્રીમતી કમળાબેન ચીમનલાલ ઘારીઆ (રંગુનવાળા) | – ટ્રીટમેન્ટ ફોર કેન્સર |
| – ઉજસ અનીષ ગાંધી | – ટ્રીટમેન્ટ ફોર બાય–પાસ સર્જરી |
| – શ્રીમતી કુમુદબેન છબીલદાસ શેઠ | – ટ્રીટમેન્ટ ફોર કીડની ડાયાલીસીસ |
| – શ્રીમતી દમયંતીબેન પ્રવિણચંદ્ર શાહ (ઝાટ) | – ટ્રીટેમન્ટ ફોર ઓર્થોપેડીક સર્જરી |


## અગત્યની જાહેરાત

મંડળ સંચાલિત ઉપર્યુક્ત પ્રવૃત્તિઓના અનુસંધાનમાં ચાલુ વર્ષ (૨૦૧૮-૨૦૧૯) હોસ્પિટલ તથા સ્વાસ્થ્ય યોજનાની સહાય લેવા ઈચ્છુક સભ્યોને નવા ફોર્મ નીચે જણાવેલ એડ્રેસ પરથી મેળવી વિગતવાર ભરીને મોકલવું.


**મનોજ રસીકલાલ પરીખ :** મયુર ટ્રેડીંગ કોર્પોરેશન, ૧૫૮/૧૬૦ નારાયન ધ્રુવ સ્ટ્રીટ, ૧લે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩. ફોન : ૨૩૪૨૮૭૮૫

**મંત્રીઃ ભાવેશ બીપીન મોદી** **સંયોજક : મનોજ રસીકલાલ પરીખ**


મનીષા નિમીશ શાહ (ઉજડવાળા) ના જે જે શ્રી ગોકુલેશ



# જ્યોતિપુંજ ચિત્રકામ હરિફાઈ



**જ્યોતિપુંજ સહર્ષ યોજે છે ચિત્રકામ હરિફાઇ.**

આ હરિફાઈ બે ગ્રુપમાં રાખી છે. હરિફાઈ માટેના વિષયો, નિયમો નીચે મુજબ છે.

**૧) ગ્રુપ નં. - ૧ (ઉંમર વર્ષ ૪ થી ૮)**

વિષય : આ ગ્રુપના બાળકોએ જ્યોતિપુંજ માર્ચ ૨૦૧૮ના પાના નં. ૧૯ પર દોરેલા દિવાળીના ચિત્રમાં મનગમતાં રંગ પુરવા.

**૨) ગ્રુપ નં. - ૨ (ઉંમર વર્ષ ૯ થી ૧૨ વર્ષ)**

સ્ટાન્ડર્ડ સાઈઝના ડ્રોઈંગ (ડ-૪) પેપર પર નીચેના માંથી કોઈપણ એક વિષય પર ચિત્ર દોરવું.

**વિષય** : (૧) નવરાત્રી (૨) મહાબલી હનુમાન (૩) મારું ઘર (૪) ફગવો (૫) પદાર્થ ચિત્ર (ઓબજેક્ટ)માં નીચેની વસ્તુઓ ટેબલ પર દોરો. (ક) પાણીનો ઘડો (ખ) છત્રી (ગ) ટેલિફોન (ઘ) મોટું કપડું (ચ) કાપેલું કલિંગર (ચીર). (૬) 'બાલાસિનોર' અથવા BALASINOR આ અક્ષરોને તમારી રીતે ડિઝાઈનવાળા અક્ષરોમાં દોરો અને મનગમતા રંગ પૂરો.

**નિયમો :**

૧) એક બાળકનું એક જ ચિત્ર સ્વીકારાશે.

૨) ચિત્ર પર કંઈ જ લખવું નહિ. પરંતુ આ સાથે એક સ્વચ્છ સારા કાગળ પર વસ્તીપત્રક ક્રમાંક, બાળકનું આખું નામ, પિતાનું આખું નામ, ખીજ, ઉંમર, ધોરણ (જેની પરીક્ષા આપી હોય તે) સરનામું, ટેલીફોન નંબર લખવા.


૩) વિગત લખેલા કાગળ સાથે ચિત્ર કવરમાં પેક કરી, કવર પર જ્યોતિપુંજ ચિત્રકામ હરિફાઈ લખી પ્રશાંત પરીખની ઓફિસે રૂબરૂ અથવા પોસ્ટ, કુરિયર દ્વારા મોકલવું. એડ્રેસ : એપેક્સ સર્વિસિઝ, ૫૯, નંદભવન, રૂમ નં.-૩૫, બીજે માળે, બાબુગેનુ રોડ, લોહાર ચાલ, મુંબઈ-૨, સમય : બપોરના ૧૧ થી સાંજના૭.

૪) તમારું ચિત્ર તા. ૭-૫-૨૦૧૮ સુધી અમને મળી જવું જોઈએ.

૫) બંને ગ્રુપના પ્રથમ, દ્વિતિય, તૃતિય ઈનામો એનાયત થશે અને નિર્ણાયકોના મત મુજબ કોન્સોલેશન પ્રાઈઝ પણ આપવામાં આવશે.

૬) સંઘના હોદ્દેદારો તથા તંત્રીમંડળના નિર્ણયો બધી બાબતમાં આખરી ગણાશે.

# મોહે રંગ દે




શ્રી નીતીન રસીકલાલ ગાંધી (લોઢાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# વસ્તી પ્રકાશન અંગે જાહેર ટેંડર

આ વર્ષે આપણા વસ્તી પત્રકની ૧૧મી આવૃત્તીનું પ્રકાશન કરવાનું વિચાર્યું છે.

આ માટે રસ ધરાવતા વ્યક્તિઓ માટે જાહેર ટેન્ડર.

**ટેન્ડરની વિગતો આ મુજબ છે.**

| | | |
|---|---|---|
| Total Pages | - | 600 (Six Hundred Only) |
| Paper Sixe | - | 8/12" x 11" |
| Paper Quality | - | Maplitho Bnadlacharan 80 GSM |
| Copies | - | 1500 / 2000 |
| Advertisment | - | 4 Colour Printing (Avrage 50) |
| Rest all Pages | - | Single Colour Printing |
| Front Cover / 1st Inside<br>Back Cover / 2nd Inside | } | 4 Colour Printing |

**FORMAT FOR QUOTATION**

Rate for Paper
Rate For Board
Rate for plastic Cover
Rate for Hard Binding
Rate for Printing
Rate for DTP Charges
AND
Total Value of Book with Plastic Cover including DTP Charges.

આ માટે વ્યક્તિએ 3 + 1 Final Proof આપવાના રહેશે.

Proof reading ની જવાબદારી DTP બનાવનારની રહેશે.

દરેક પ્રુફ સાથે CD આપવાની રહેશે.

આગળના આર્ટ પેજની ૩ ડિઝાઈન આપવાની રહેશે.

આ અંગે વધુ માહિતી માટે પ્રમુખશ્રી, મંત્રીશ્રી અથવા સંયોજકનો રૂબરૂમાં સંપર્ક સાધવો.

**આ ટેન્ડર અમને સીલ કવરમાં તા. ૩૧.૫.૨૦૧૮ સુધીમાં**

**સંસ્થાની ઓફીસમાં સંસ્થાના સમય દરમિયાન પહોંચાડવાનું રહેશે.**

**તા.ક. : દરેક ટેન્ડર ઉપર 'વસ્તી પત્રકનું જાહેર ટેન્ડર' લખવાની વિનંતી.**

**નોંધ :** Management & Managing Committee has full right to accept or reject the Tender.

| | | | | |
|---|---|---|---|---|
| Convenier | - | Shri Alpesh Yogendra Dharia | - | 9833867601 |
| Secratary | - | Shri Bhavesh Bipin Modi | - | 9869080287 |
| President | - | Shri Saumil Jitendra Mody | - | 9920213426 |


સ્વ. જીવકોરબેન નટવરલાલ કડકીઆ (ચોકસી) ના જે જે શ્રી ગોકુલેશ

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)
## શ્રી રજનીકાન્ત મણીલાલ શાહ (નગરશેઠ)
# નોટબુક રાહત યોજના

સંસ્થા દ્વારા ચાલતી ઉપર્યુક્ત યોજનામાં નોટબુકો આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો તા. ૨૫-૫-૧૮ થી સંસ્થાની ઓફિસમાં સંપૂર્ણ વિગતો સાથે ભરીને આપી જવા. આ અંગેના નવા અરજીપત્રકો સંસ્થાની ઓફિસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે.

**નોંધઃ** નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા. ૩-૬-૨૦૧૮ના રવિવારે સવારના ૯ કલાકે સંસ્થાના કાર્યાલય ખાતે કરવામાં આવશે.

**નોંધઃ** ફક્ત નવા અરજીપત્રકો જ સ્વીકારવામાં આવશે.

**કાર્યાલયનો સમયઃ** સોમવાર થી શનિવાર બપોરે ૨ થી ૭ રવિવાર સવારે ૯.૩૦ થી ૧૧.૩૦.

(દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.)

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાળા)** **સંયોજક : સંજય જયંતીલાલ શાહ**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# શ્રી મનોજભાઈ અમરીશભાઈ કચેરીયા
# કન્સેશનલ રેટ નોટબુક યોજના

ગત વર્ષ મુજબ ચાલુ વર્ષે આપ સૌની જરૂરીયાત ધ્યાનમાં રાખીને

બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુકનું વેચાણ હાથ ધરેલ છે.

**એ-૪ સઈઝ કોલેજ બુક ૧૫૦ રૂ. ડઝન**

આ વેચાણ તા. ૨૦-૫-૧૮ના રોજ સવારે ૯ કલાકે નીચે જણાવેલ સ્થળોએથી હાથ ધરાશે

અને નોટબુકો હશે ત્યાં સુધી મળશે.

**શહેર વિભાગઃ શ્રી બાલાસિનોર નવયુવક સંઘઃ**

૧૧૮/૧૨૦ અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪

**સમયઃ** સોમવારથી શનિવાર ૨.૦૦ થી ૭.૦૦, રવિવાર સવારના ૯.૩૦ થી ૧૧.૩૦.

**નોંધઃ** દર બુધવારે સંસ્થાની ઓફીસ બંધ રહેશે.

**પરા વિભાગ**

૧) **શ્રી હીમાંશુ હરીષ દેસાઈ :** ૯/૧૨, ઘાસવાલા બિલ્ડીંગ, રરૂમ નંબર -૫, પોલીસ સ્ટેશનની સામે, એમ.વી.રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯. મોબાઈલ : ૭૩૦૩૧૬૨૯૨૭
સમયઃ સવારના ૧૦ થી ૧૨.૨૦ (ફક્ત રવિવાર)

૨) **પરીખ કોકીલાબેન હીરાલાલ (ડાબલી):** ૨૪/એ, કૈલાશ નગર, શંકર ગલ્લી, કાંદિવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦૦૬૭, સમયઃ સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

૩) **શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા):** સી ૩/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરિવલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૯૨, સમયઃ સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર).

**નોંધઃ** ગયા વર્ષની માર્કશીટની નકલ અથવા હોલટીકીટની નકલ સાથે લાવવી ફરજીયાત છે. તે સિવાય નોટબુકો આપવામાં નહી આવે.

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાળા)** **સંયોજક : સંજય જયંતીલાલ શાહ**


શ્રીમતી નયનાબેન પંકજકુમાર મોદી ના જે જે શ્રી ગોકુલેશ

# અમો આભારી છીએ.....
# જ્યોતિપુંજમાં આપની અમૂલ્ય જાહેરાત આપવા બદલ....

સહર્ષ જણાવવાનું કે બાલાસિનોર સર્વ મંડળો અને તેમના હોદ્દેદારો, કમિટિ મેમ્બરોએ સક્રિય રસ લઈને જ્યોતિપુંજમાં આપેલી જાહેરાત સર્વ બાલાસિનોરવાસીઓ ઉમદા હૃદય રાખીને આખા વર્ષ દરમ્યાન માટે તેમજ મહિના માટે જે જાહેરખબર તથા જે જે ગોકુલેશની શુભેચ્છા પાઠવે છે તેઓના સહકાર બદલ આભાર.

**વર્ષ ૨૦૧૭-૨૦૧૮ દરમ્યાન જ્યોતિપુંજ માટે જાહેરાત મળી છે તેમની યાદી નીચે મુજબ છે.**

**ફુલ પેજ - ૧૪**

૧) એમ.સી. મોદી એન્ડ બ્રધર્સ
૨) સ્વેતા ઈલેક્ટ્રીક કોર્પોરેશન
૩) શાહ એન્ડ શાહ એન્ટપ્રાઈઝ
૪) હાર્દિક સુથાર અને નલીન સુથાર
૫) પાવરટેક કન્ટ્રોલ સિસ્ટમ
૬) રાલસન ઈન્ટરનેશનલ
૭) નોવાટેક ઈલેક્ટ્રો એન્જીનીયર્સ પ્રા.લિ, બિનીતા હાર્ડવેર સ્ટોર્સ
૮) નીપા કોમર્શીયલ કોર્પોરેશન
૯) ઈસ્પાયર્ડ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ (યુ.એસ.એ.)
૧૦) પ્રભાત કેબલ્સ પ્રા.લિ.
૧૧) ડી.પી.ઝવેરી જ્વેલ
૧૨) પુષ્ટી ઈલેકટ્રીકલ્સ પ્રા.લિ.
૧૩) ભાવિક પરીખ
૧૪) એમલેસ ટૂલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ

**હાફ પેજ - ૨**

૧) ગોપાલ જયંતીલાલ ભટ્ટ (ગોર)
૨) મેલોડીયસ કેક એન્ડ ચોકલેટ્સ

**ક્વાટર પેજ - ૬**

૧) ભરત ડોસા
૨) શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય
૩) ઈન્ડીયન ફોટો
૪) સી.પી. એન્ટરપ્રાઈસીઝ
૫) વાત્સલ્ય યોગદર્શન
૬) નિરવ ફોટો આર્ટસ્
૭) ક્રિટા ઈન્ટીરીયર્સ

**કવર પેજ (બેક ઈન) - ૧**

૧) અનકુલ સીલેકશન

**જે જે ગોકુલેશ શુભેચ્છા - ૨૦**

૧) શ્રીમતી હસુમતીબેન મંગળદાસ મોદી
૨) જીવકોરબેન નટવરલાલ કડકીઆ (ચોકસી)
૩) શ્રી રમેશચંદ્ર મોહનલાલ દેસાઈ (મેનપુરવાળા)
૪) શ્રીમતી અંજુબેન જગદીશ ધારીઆ
૫) શ્રી સુકેતુ આર. મોદી (શ્રી લાઈટ)
૬) શ્રીમતી શોભનાબેન મહેન્દ્રકુમાર કડકીયા (બનડા)
૭) શ્રી જયંતીલાલ મુળજીભાઈ પરીખ (બખલી)
૮) સ્વ. કોકીલાબેન મણીકાંત કડકીઆ
૯) શ્રીમતી નયનાબેન પંકજકુમાર મોદી
૧૦) શ્રીમતી પુષ્પાબેન ભીખાલાલ કોટીઆ
૧૧) સ્વ. લીલાબેન નવનીતલાલ શાહ (ખડગોધરાવાળા)
૧૨) સ્વ. સવિતાબેન રમણલાલ પરીખ (લટ્ટુ પારેખ)
૧૩) સ્વ. નવીનચંદ્ર મણીલાલ દેસાઈ (તેલવાળા)
૧૪) સ્વ. રમતીબેન ઓચ્છવલાલ ધારીઆ (લલાખા)
૧૫) સ્વ. ઈન્દુમતી ચીમનલાલ નગરશેઠ
૧૬) શ્રી જતીન નવનીતલાલ દેસાઈ
૧૭) શ્રી પંકજ શાંતિલાલ પરીખ (જુનાગઢવાળા)
૧૮) શ્રી શીરીષ જગમોહનદાસ પરીખ (ચા ગરમ) પરિવાર
૧૯) શ્રી નીતીન રસિકલાલ ગાંધી (લોઢાવાળા)
૨૦) શ્રીમતી લતાબેન શૈલેષકુમાર શાહ (શહેરાવાળા)


શોભનાબેન મહેન્દ્રકુમાર કડકીયા (બનડા) ના જે જે શ્રી ગોકુલેશ

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# સંસ્થા સમાચાર



**- મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૯મી બેઠક તા. ૨૭-૩-૨૦૧૮ના રોજ મંગળવારે શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાલા) મીટીંગ હૉલ પ્રગતી સમાજની ઑફીસ ખાતે પ્રમુખશ્રી સૌમિલ મોદીના નેજા હેઠળ મળી હતી.

તેમાં નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતાં.

સંસ્થાના મંત્રી શ્રી ભાવેશ મોદીએ ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીજી મેડીકલેમ યોજનાના સંયોજક શ્રી તેજસ શાહએ એમનો વાર્ષિક અહેવાલ અને હીસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી મનોરમાબેન હસમુખલાલ ધારીઆ (સુરતવાલા) પુરસ્કૃત ક્રિકેટ યોજના, શ્રી નટવરલાલ મોદી (જનસાથી) આયોજીત બીએનએસ જનસાથી ટ્રોફી, શ્રી દિલીપભાઈ મુળજીભાઈ ધારીઆ (લાલખા) આયોજીત બી.એન.એસ. લાલખા ટ્રોફી, શ્રી દિલીપભાઈ મુળજીભાઈ ધારીઆ (લાલખા) અને શ્રી પુનમચંદ સાકરલાલ કડકીઆ (બેરા) આયોજીત બી.એન.એસ. લાલખા બેરા ટી-૨૦ના સંયોજક અનઉપસ્થિત હોવાથી સંસ્થાના મંત્રી એ વાર્ષિક અહેવાલ તથા હીસાબ રજુ કર્યા હતા તે પસાર કરવામાં આવ્યા હતા.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તથા શ્રી દક્ષેશભાઈ, શ્રી મનીષભાઈ (કડકીઆ એન્ટરપ્રાઈઝીસ) આંતરીક રમત-ગમત ના સંયોજક શ્રી સન્ની ગાંધી એ તેમનો વાર્ષિક અહેવાલ તથા હિસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાલા) ઉપનગર વિભાગના સંયોજક શ્રી ઉર્મિલ કડકીઆએ તેમનો વાર્ષિક અહેવાલ તથા હિસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી શાંતાબેન કાન્તીલાલ લાલચંદ દોશી પુરસ્કૃત મહિલા વિભાગના સંયોજક શ્રીમતી અલ્પાબેન કડકીઆ એ તેમનો વાર્ષિક અહેવાલ તથા હિસાબ રજુ કર્યો હતો.

'જ્યોતિપુંજ'ના તંત્રી શ્રી બંકીમભાઈ પરીખ એ તેમના વાર્ષિક અહેવાલ તથા હિસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી તારાબેન કિર્તનલાલ લલ્લુભાઈ દેસાઈ હોસ્પિટલ સહાય યોજના, શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી સ્વાસ્થ્ય યોજના, શ્રીમતી કમલાબેન ચીમનલાલ ધારીઆ (રંગુનવાલા) ટ્રીટમેન્ટ ફોર કેન્સર સ્કીમ, ઓજસ અનીષભાઈ ગાંધી ટ્રીટમેન્ટ ફોર બાય-પાસ સર્જરી સ્કીમ, શ્રીમતી કુમુદબેન છબીલદાસ શેઠ ટ્રીટમેન્ટ ફોર કીડની ડાયલીસીસ સ્કીમ તથા શ્રીમતી દમયંતીબેન પ્રવિણચંદ્ર શાહ (ઝાટ) ટ્રીટમેન્ટ ફોર ઓર્થોપેડીક સર્જરી સ્કીમના સંયોજક શ્રી મનોજ પરીખ એ એમનો વાર્ષિક અહેવાલ તથા હિસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી મણીબેન રમણલાલ મોદી (ભટ્ટી) પુસ્તક યોજના, શ્રી મનોજભાઈ પ્રવિણચંદ્ર કચેરીયા મેડીકલ અને એન્જીનીયરીંગ ટેક્ષબુક સ્કમી, શ્રી કંચનલાલ છોટાલાલ ગાંધી (સુરતી) અને પરીવાર, પોસ્ટ ગ્રેજ્યુએશન ટેક્ષબુક સ્કીમ, શ્રીમતી નૂતનબેન અક્ષયભાઈ પરીખ (બખલી) ધોરણ ૯ થી ગ્રેજ્યુએશન ટેક્ષબુક સ્કીમ અને માતુશ્રી મણીબેન તથા પિતાશ્રી



શ્રીમતી દિપીકા પંકજ ધારીઆ (લાલખા) ના જે જે શ્રી ગોકુલેશ

વલ્લભદાસ ગરબડદાસ ગાંધી (માનીકોષી) પ્રોફેશનલ કોર્સ ટેક્ષબુક સ્કીમના સંયોજક શ્રી જગદીશ પરીખ એ એમનો વાર્ષિક અહેવાલ અને હિસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી મંજુલાબેન શાંતીલાલ મહેતા (ધરીવાલા) કોમ્પ્યુટર એજ્યુકેશન સ્કીમના સંયોજક અનઉપસ્થિત હોવાથી સંસ્થાના મંત્રી શ્રી ભાવેશ મોદીએ તેમનો હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી મનોજભાઈ/શ્રી અમરીષભાઈ કચેરીયા કન્સેશનલ રેટ નોટબુક સ્કીમ તથા શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટ બુક રાહત યોજનાના સંયોજક શ્રી સંજય શાહ એ નોટબુક વેંચાણની વિવિધ તારીખો તથા સ્થળો આપ્યા હતાં.

૧ લાઈફ મેમ્બરશીપની અરજી આવી હતી. શાહ ગોપાલકુમાર ઓચ્છવલાલ તે પસાર કરવામાં આવી હતી.

કુલ ૫ લીવની અરજીઓ આવી હતી. તેમના નામ - શ્રી અલ્પેશ ધારીઆ, શ્રી જીગર કડકીઆ, શ્રી સુનિલ મોદી, શ્રી વ્રજેશ દેસાઈ, શ્રી દક્ષેશ કડકીા તે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

❖❖❖

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતું હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે અલ્પેશ ધારીઆ - Bharat Asbestos & Rubber Co., ૧૩૭, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ગ્રાઉન્ડ ફલોર, મુંબઈ - ૪૦૦૦૦૩, મોબાઈલ નંબર - ૯૮૨૧૧૧૦૭૪૭/૯૮૩૩૮૬૭૬૦૧. Email : aydharia@gmail.com ને મોકવાનું રહેશે. આ સિવાય કોઈપણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી.

**મંત્રી - ભાવેશ મોદી    સંયોજક - અલ્પેશ ધારીઆ**

**સુધારો**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**
**આંતરિક રમત-ગમત ૨૦૧૭-૨૦૧૮**
**શ્રી દક્ષેશભાઈ, શ્રી મીનીષભાઈ કડકીયા (કડકીયા એન્ટરપ્રાઈઝ)**
**તથા શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પુરુસ્કૃત**
**આંતરીક રમત-ગમત શહેર વિભાગના પરિણામો - ચેસ-કેરમ**

**(IV) કેરમ - ડબલ્સ - Ladies - Gents mix**

૧) સેજલ વીરલ ગાંધી - સચીન રમેશચંદ્ર કડકીયા

**નોંધ :** સચીન રમેશચંદ્ર પરીખના બદલે સચીન રમેશચંદ્ર કડકીયા

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા ફરી એકવાર લોક લાગણીઓને માન આપીને માદરે વતન વાડસોલ ખાતે 'ચાલો બાલાસિનોર'નું આયોજન કરેલ છે.**

**જવાની તારીખ : ૩-૧૧-૨૦૧૮, શનિવાર (અગીયારસ)**

**આવવાની તારીખ : ૯-૧૧-૨૦૧૮, શુક્રવાર (ભાઈબીજ)**

વધુ વિગત આવતા અંકમાં પ્રસારીત કરવામાં આવશે.

| મંત્રી | કોર્ડીનેટર | સંયોજક |
|---|---|---|
| શ્રી ભાવેશ મોદી | શ્રી જીગર કડકીઆ | શ્રી સુનીલ મોદી (ઠાસરવાળા) |


સ્વ. સવિતાબેન રમણલાલ પરીખ (લઠ્ઠા પારેખ) ના જે જે શ્રી ગોકુલેશ

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ)માં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

૧) **ઈકો કેમ્પ :** તા. ૪-૨-૧૮ના રોજ ૪૯ તથા તા. ૧૧-૩-૧૮ના રોજ ૭૩ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

૨) **છારી કાઢવાનો કેમ્પ :** તા. ૧૬-૨-૨૦૧૮ના રોજ ૨૬ તથા તા. ૧૬-૩-૨૦૧૮ના રોજ કુલ ૩૦ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

૩) **શ્રીમતી તરૂલતા મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ સર્વરોગ નિદાન કેમ્પ :** તા. ૩૦ અને ૩૧ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૬૨૫ દર્દીઓએ લાભ લીધેલ. તમામ દર્દીઓનું ફ્રી નિદાન કરીને રૂા. ૫૭૫૩૪/-ની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

૪) **શ્રીમતી સ્મિતા અરવિંદ પરીખ (દુધવાળા) અને શ્રીમતી મીનાક્ષીબેન રાજેન્દ્ર દેસાઈ (લાટવાળા) ન્યુરો સર્જરી નિદાન કેમ્પ :** તા. ૧૧-૨-૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ. હાજર તમામ દર્દીઓનું ફ્રી નિદાન કરવામાં આવેલ અને જરૂરિયાતવાળા દર્દીઓને સાત દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં અમદાવાદના ન્યુરો સર્જન ડૉ. કેતન પટેલએ સેવાઓ આપેલ.

૫) **શ્રી નગીનદાસ લાલચંદ પારેખ હાર્ટ કેમ્પ :** તા. ૧૧.૩.૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૧૦૩ દર્દીઓનું ફ્રી નિદાન કરીને જરૂરીયાતવાળા દર્દીઓને સાત દિવસની કુલ રૂા. ૫૫૭૬/- ની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં અમદાવાદના નિષ્ણાત કાર્ડીયાક સર્જન ડૉ. ભુપેશભાઈ ડી. શાહ તથા આપણી હોસ્પિટલના ફીજીશીયન ડૉ. વિરલ બી. પટેલએ સેવાઓ આપેલ.

## કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન :-

૧. 'શ્રીજી દર્શન' સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે : શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ રૂા. ૫,૦૦,૦૦૦/-

૨. ઉષા કીશોરભાઈ મહેતા હસ્તે : શ્રી અનીષ ગાંધી - રૂા. ૫,૦૦,૦૦૦/-

૩. એસ્ટેટ ઓફ કાંતિલાલ મોદી હસ્તે : શ્રી અશોકભાઈ મોદી રૂા. ૩,૫૦,૦૦૦/-

૪. કુસુમબેન પ્રવીણચંદ્ર દોશી રૂા. ૧,૦૦,૦૦૦/-

૫. શ્રી ચંદ્રવદન શાંતિલાલ શાહ રૂા. ૫૦,૦૦૦/-

૬. શ્રી રાજેશભાઈ રસિકલાલ કડકીઆ રૂા. ૫૦,૦૦૦/-

**શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ**
**માનદ્ મંત્રીશ્રીઓ**

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોત્તેજક મંડળ
# બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ

અચ્છે દિન આનેવાલે હૈ

વિરાટ કોહલી - એ.આર.રહેમાન - સોનુ નિગમ - શ્રેયા ઘોષાલ - રણબીર કપૂર
જેવા કલાવંતો અને રમતવીરો કે અન્ય કોઈપણ પ્રકારની અસાધારણ પ્રતિભા ધરાવનાર
વાડાસિનોર દશાનીમા વણિક સમાજના નામી અનામી તારલાઓને જાહેર નિમંત્રણ
આપની ઉપલબ્ધિઓથી અને વાકેફ કરો આપનો ઉપલબ્ધિઓને

**શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રૂપલબેન પ્રદીપ કડકીઆ (ખીસાદાર) પુરસ્કૃત**

## TALENT APPRECIATION SCHEME

અન્વયે સમાજ સમક્ષ પ્રકાશિત કરી, આપનું અને સમાજનું ગૌરવ કરવાની અમને તક આપો.
આપની ઉપલબ્ધિઓ, આપના અને આપના કુટુંબીજનો માટે તો ગૌરવપ્રદ બની જ રહેશે, સાથે સાથે સમાજજનો અને ભાવિ પેઢી માટે પણ પ્રેરકબળ બની રહેશે.
અમે આશા રાખીએ કે આ જાહેરાતનાં દરેક વાચક, પોતાનાં સંબંધીઓના વર્તુળમાં આવાં કોઈપણ તારલા હોય તો એ વિષે અમને જાણ કરે અથવા તો તેઓને અમારાં સુધી પહોંચવા પ્રોત્સાહિત કરે.
વાડાસિનોર દશાનીમા વણિક સમાજની દરેક દિકરીઓ અને તેમનાં સંતાનોની ઉપલબ્ધિઓ પણ સન્માનને પાત્ર છે.

**સંયોજક - શ્રી ચેતન મોદી　　માનદ્ મંત્રીઓ - શ્રી જસ્મીન બિપીન શેઠ - ૯૮૨૦૮૩૦૦૬૦**
**શ્રી ધર્મેશ જયંતીલાલ શાહ - ૯૮૨૦૩૪૧૩૭૧**

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ દાન માટેની અપીલ

શ્રી બાલાસિનોર કેળવણી મંડળ સંચાલીત પાંચે શાળાઓને રંગ તથા રીપેર્સ હવે થઈ ગયાં છે. કેળવણી ક્ષેત્રે આગળ આવી રહેલાં વધારાનાં શિક્ષકોનો પગાર તથા અન્ય જરૂરીયાતોને પૂરી પાડવાં માટે એક ભંડોળ ઉભુ કરવાની આવશ્યકતા આવી છે. ઉદાર દિલના દાતાઓ પાસે અમે નીચે મુજબની સ્કીમ લઈને આવ્યાં છે. સખાવતી દાતાઓ તથા તેમના કુટુંબીજનોને વિનંતી આ માટે સાથ સહકાર આપશો.

| | | | |
|---|---|---|---|
| ૧. | બાળમંદીરના નવા ચાર વર્ગ ખંડ પ્રત્યેક માટે | | રૂા. પાંચ લાખ પૂરા |
| ૨. | બાળમંદીરના નવા ચાર વર્ગના પ્રત્યેક સાધન દાન માટે | | રૂા. બે લાખ પચાસ હજાર પૂરા |
| ૩. | બાળમંદીરના ચાર વર્ગના બે વીંગ માટે પ્રત્યેક | | રૂા. પાંચ લાખ પૂરા |
| ૪. | Education Paritoshak | 6 to 10 Girls | રૂા. પાંચ લાખ પૂરા |
| ૫. | Education Paritoshak | 6 to 10 Boys | રૂા. પાંચ લાખ પૂરા |
| ૬. | Education Paritoshak | 1 to 5 Girls | રૂા. પાંચ લાખ પૂરા |
| ૭. | Education Paritoshak | 1 to 5 Boys | રૂા. પાંચ લાખ પૂરા |
| ૮. | એસ.એસ.સી. પારીતોષક જનરલ પ્રવાહ | | રૂા. પાંચ લાખ પૂરા |
| ૯. | એસ.એસ.સી. પારીતોષક વિજ્ઞાન પ્રવાહ | | રૂા. પાંચ લાખ પૂરા |
| ૧૦. | આ ઉપરાંત ત્રણે શાળાનાં કેમ્પસનાં નામકરણ માટે | | રૂા. પચ્ચીસ લાખ પૂરાં |

**મંત્રીઓ - જતીન ન. દેસાઈ, નીતન ન. દેસાઈ**

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ તથા બાલાસિનોર વિદ્યોતેજક ચેરિટેબલ ટ્રસ્ટ

### અનુકરણીય દાન / વચન

સખાવતિ દાતાશ્રીઓ તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી

| ક્રમાંક | દાતાશ્રીઓના નામ | રકમ |
|---|---|---|
| ૧. | શ્રીમતી ઈન્દુબેન તથા શ્રી હરિષચંદ્ર રમણલાલ ગાંધી | ૧૦૦,૦૦૦/- |
| ૨. | શ્રીમતી આદિતિ નિરવ કડકીયા (મલમ) | ૧૦૦,૦૦૦/- |
| ૩. | શ્રી પ્રકાશભાઈ તથા શ્રી પંકજભાઈ કચેરીયા (વરખા) | ૫૦,૦૦૦/- |
| ૪. | શ્રી નીકુંજ રમણલાલ કડકીયા (મલમ) | ૨૫,૦૦૦/- |
| ૫. | શ્રી સમીર બાબુલાલ કડકીયા | ૨૦,૦૦૦/- |
| ૬. | સ્વ. ડૉ. કાંતિલાલ મોદી હસ્તે : શ્રી દિપક કાંતિલાલ મોદી | ૨૦,૦૦૦/- |
| ૭. | શ્રીમતી કલ્પાનાબેન કીર્તીકુમાર કડકીયા | ૧૦,૦૦૦/- |
| ૮. | શ્રી વિકી શાહ | ૧૦,૦૦૦/- |
| ૯. | શ્રીમતી કોકીલાબેન રસિકલાલ મોદી ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે : શ્રી વિનીત અને શ્રી ઉર્વિશ રસિકલાલ મોદી | ૧૦,૦૦૦/- |
| ૧૦. | શ્રીમતી કુંજબાળા હેમેન્દ્ર શાહ (ચકવા) | ૧૦,૦૦૦/- |
| ૧૧. | શ્રીમતી દીપ્તિ નલિન પરીખ | ૧૦,૦૦૦/- |
| ૧૨. | શ્રી પ્રવિણભાઈ કીર્તનલાલ ધારિયા | ૧૦,૦૦૦/- |
| ૧૩. | શ્રીમતી સરલાબેન નવનિતલાલ દેસાઈ (દેડકી) | ૧૦,૦૦૦/- |
| ૧૪. | શ્રી વિરાજ પરેશ દોશી હસ્તે : શ્રી કચરાલાલ આર. દોશી | ૧૦,૦૦૦/- |
| ૧૫. | શ્રીમતી સ્મીતા ગીરીષકુમાર મોદી (કારકુન) | ૧૦,૦૦૦/- |
| ૧૬. | શ્રી સમીર જયેન્દ્ર ગાંધી | ૧૦,૦૦૦/- |
| ૧૭. | શ્રી પ્રવિણચંદ્ર ઓચ્છવલાલ દેસાઈ (દેડકી) | ૧૦,૦૦૦/- |
| ૧૮. | શ્રી નીકેશ જયેન્દ્ર ગાંધી | ૧૦,૦૦૦/- |

### શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ

| | | |
|---|---|---|
| ૧. | એક સજ્જન | ૧૦,૦૦૦/- |
| ૨. | ક્રીશા પ્રશાંત પરીખ | ૧૦,૦૦૦/- |

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારનો આભાર વ્યક્ત કરે છે અને તેના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે. **કારોબારી સમિતિ વતી જસ્મિન બી. શેઠ તથા ધર્મેશ જ. શાહ – માનદ્ મંત્રીઓ**

---

**પ્રકીર્ણ વિભાગ**

### નવા સરનામા

**૧. ભરત નવનીતલાલ ધારીઆ**
૬૦૧, વસંત વૈભવ કો.ઓ.સો.લી.
એમ.જી.ક્રોસ રોડ નં -૪, પટેલ નગરની બાજુમાં,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭

**૨. પનેશ જશવંતલાલ કાછીયા**
૨૦૭/૨૦૮, ન્યુ સર્વે સિધ્ધી ટાવર
જાનકી રીસડન્સી સામે, ૯૦ ફીટ,
ગીતા નગર, ભાઈંદર (વેસ્ટ) - ૪૦૧૧૦૧

### મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ✤ વીરેન્દ્ર ભીખાલાલ પરીખ (અઘોલી) | ૬૯ |
| ✤ મધુકાન્તા નવનીતલાલ કચેરીયા | ૮૬ |
| ✤ કોકીલાબેન ચીમનલાલ કડકીઆ (ટોકરસી) | |
| ✤ પૂર્ણીમાબેન પ્રફુલભાઈ ધારીઆ | ૭૨ |
| ✤ કામીની શરદ કડકીઆ | ૫૮ |
| ✤ હેમાંગ રમણલાલ મોદી | ૫૯ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો – ૧૯૧૯**


સ્વ. ઈન્દુમતી ચીમનલાલ નગરશેઠ ના જે જે શ્રી ગોકુલેશ